# ધોરણ–૬ ના સામાજિક વિજ્ઞાન વિષયમાં આપણે ગુજરાતી એકમને પ્રશ્ન રજૂઆત પ્રયુક્તિ દ્વારા શિક્ષણકાર્યની અજમાયશ

**ડૉ.રાકેશભાઈ નાનુભાઈ પટેલ**
આચાર્ય, પ્રાથમિક શાળા ધનોરી, તા.ગણદેવી,જી.નવસારી
મો : 8849408596, E–MAIL.rnpatel8377@gmail.com

સામાન્ય રીતે શાળાના ઓરડાની ચાર દિવાલ વચ્ચે ૩૦–૩૫ મિનિટના તાસમાં શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે વિચારોની આપ–લે થતી જોવા મળે છે.જેને શિક્ષણની દ્વિ–ધ્રુવી પ્રક્રિયા ગણવામાં આવે છે.પરંતુ મોટે ભાગે આ પ્રક્રિયા શિક્ષકકેન્દ્રી બની એક ધ્રુવી પ્રક્રિયામાં પરિવર્તન પામે છે.વિદ્યાર્થીઓ મોટે ભાગે મૂકશ્રોતા બની રહે છે.

પ્રશ્ન રજૂઆત પ્રયુક્તિ એ વિદ્યાર્થી કેન્દ્રી શિક્ષણ પ્રયુક્તિ બની રહે છે.જેમાં વિદ્યાર્થી સતત ક્રિયાશીલ રહે છે. વિદ્યાર્થીઓ જાતે જ એકમ આધારિત વાચન કરી પ્રશ્નોની રચના કરે અને પોતાના સાથી મિત્રોની સહાયથી શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે. વિદ્યાર્થીઓમાં વાચન,લેખન,વિચારશીલતા,મૌલિકતા,પ્રશ્ન રચના ક્ષમતા, ઉત્તર શોધવૃત્તિ,સાચા ખોટા જવાબની પરખ, આત્મવિશ્વાસ સાથે જવાબો આપવાની હિંમત સાથે જ ગમ્મત સાથે જ્ઞાન આપી આખો તાસ સક્રિય રાખી શકાય છે.

ટૂકમાં, આ પદ્ધતિથી વિદ્યાર્થીઓ વર્ગખંડમાં બોલતા થાય અને શિક્ષણ વિદ્યાર્થી કેન્દ્રી બની રહે છે. શિક્ષકે ફક્ત માર્ગદર્શકની ભૂમિકામાં રહેવાનું હોય છે.

**સમસ્યા પાછળનું કારણ**

અધ્યેતા ગણદેવી તાલુકાની ગ્રામ્ય વિસ્તારમાં આવેલી ધનોરી પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે એપ્રિલ–૨૦૧૫થી જોડાયા છે.શાળામાં ધો.૧ થી ૮ માં કુલ ૧૫૦ વિદ્યાર્થીઓમાંથી ૧૪૦ વિદ્યાર્થીઓ એસ.ટી. કેટેગરીના છે.જેઓના મોટાભાગના વાલીઓએ પ્રાથમિક શાળાનું શિક્ષણ પણ પૂરું નથી કર્યું.આખો વિસ્તાર મજૂર વર્ગનો જોવા મળે છે.વાલીઓ પોતાના બાળકોના શિક્ષણ માટે બહુ ગંભીર જોવા મળતા નથી. જેના પરિણામે વિદ્યાર્થીઓમાં પણ અપવાદને બાદ કરતા ગંભીરતા જોવા મળતી નથી.

વિદ્યાર્થીઓને શાળાના વર્ગખંડમાં જે કરાવવામાં આવે છે,તેટલું જ કરે છે.ઘરથી પુનરાવર્તન માટે કોઈ સહયોગ વડીલો પાસેથી મળતો નથી.પરિણામે વિદ્યાર્થીઓમાં જાગૃતતા અને પુનરાવર્તનના અભાવે વાચન,લેખન,ગણનમાં નબળા પડે છે.વળી,ગુણોત્સવ જેવા કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ અધિકારીઓ સમક્ષ આત્મવિશ્વાસ સાથે જવાબ આપી શકતાં નથી, બોલવામાં લઘુતાગ્રંથિથી પીડાતા હોય એમ લાગતું હતું.

શાળામાં વિદ્યાર્થીઓ વાંચતા–લખતા–વિચારતા થાય અને આત્મવિશ્વાસ સાથે રજૂઆત કરતાં થાય. શિક્ષણની ચોક અને ટોક મેથડની યાંત્રિક પ્રક્રિયામાં ન રહેતાં કોઈક નવી પ્રયુક્તિ દ્વારા જેમાં વિદ્યાર્થી સક્રિય રહી જાતે શીખે અને આગળ વધે.શિક્ષણ પ્રક્રિયામાં નિયમિત બને. આ બધા કારણોને ધ્યાને લઈ અધ્યેતા **પ્રશ્ન રજૂઆત પ્રયુક્તિ** દ્વારા શિક્ષણકાર્ય કરાવવાનો પ્રયાસ કર્યો હતો.

**સંશોધનની પદ્ધતિ –**

સંશોધક પોતાના અનુભવે આ પ્રયુક્તિ દ્વારા શિક્ષણકાર્ય કરાવવાનો પ્રયાસ કર્યો છે.શિક્ષણની એકધારી પ્રવચન,ચર્ચા,પ્રશ્નોતરી,ચોક અને ટોક મેથડ જેવી કંટાળાજનક શિક્ષણ પદ્ધતિ–પ્રયુક્તિ કરતાં વિદ્યાર્થી જેમ બને તેમ શિક્ષણકાર્યમાં સક્રિય બની તેનું યોગદાન આપે તે પ્રકારની શિક્ષણ પ્રયુક્તિ અહીં પ્રશ્ન રજૂઆત પ્રયુક્તિના સ્વરૂપમાં મુકવામાં આવી છે.

પ્રશ્નોતરી પ્રયુક્તિ કરતાં આ પ્રયુક્તિમાં નજીવો તફાવત છે. પ્રશ્નોતરી પ્રયુક્તિમાં મોટેભાગે ફકત શિક્ષક દ્વારા પ્રશ્નો પૂછવામાં આવે અને ઉત્તર વિદ્યાર્થીઓ તરફથી મળે એવી આશા રાખવામાં આવે છે.જેથી ઘણા વિદ્યાર્થીઓ આ પ્રયુક્તિથી કંટાળો અનુભવે છે.લઘુતાગ્રંથિથી પીડાતા વિદ્યાર્થીઓ જવાબો આપતા ગભરાય છે.શિક્ષક તરફથી પૂછાયેલા સવાલોના જવાબો ખોટાં પડશે તો ઠપકો મળશે એવા ડરથી બોલતાં ખચકાય છે.

વર્ગમાં શિક્ષક વિદ્યાર્થીઓ સાથે કેટલુય મિત્રતાભર્યું વર્તન રાખે તો પણ વિદ્યાર્થીઓને શિક્ષક પ્રત્યે થોડો ડર અવશ્ય રહે છે.જેના પરિણામે મોટે ભાગના વિદ્યાર્થીઓ પોતાની સમસ્યા કે એકમ સંદર્ભના પ્રશ્નો નિર્ભયપણે પૂછી શકતાં નથી.

પ્રશ્ન રજૂઆત પ્રયુક્તિમાં શિક્ષકની ભૂમિકામાં વિદ્યાર્થી હોય છે જે પોતાના સાથીમિત્રોને પોતાને સોપાયેલા એકમ પર તૈયાર કરેલા પ્રશ્નો પૂછે છે,અને વિદ્યાર્થીઓ ડર વગર જવાબો આપવા માટે તત્પર બને છે. ટૂકમાં,પ્રશ્ન રજૂઆત પ્રયુક્તિ એ વિધાર્થી કેન્દ્રી શિક્ષણ પ્રયુક્તિ છે.

**સંશોધનનું વર્ણન અને અમલવારીની માહિતી**

પ્રશ્ન રજૂઆત પ્રયુક્તિની વિદ્યાર્થીઓ પર પ્રાયોગિક ધોરણે અજમાયશ કરતાં નીચે મુજબના ત્રણ વિભાગમાં પગથિયાંઓને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા.

**પ્રથમ વિભાગ**

(૧) યોગ્ય પરિસ્થિતિનું નિર્માણ

(૨) એકમની પસદગી

(૩) જૂથ રચના

(૪) સંદર્ભ સાહિત્ય

(૫) જૂથ કાર્ય

**બીજો વિભાગ–**

જૂથને આપવામાં આવેલ સમયમાં પ્રશ્નો કાઢ્યા બાદ તેમના પાસેથી પેટા એકમ અનુસાર કાઢેલ પ્રશ્નોની યાદીની નોંધ શિક્ષક દ્વારા લઈ લેવામાં આવી હતી.જૂથના સભ્યોએ તેમને આપવામાં આવેલા પેટા એકમના જ પ્રશ્નો કાઢ્યા હતા.એકમના અન્ય પેટા એકમથી અજાણ હતા.

વર્ગના દરેક વિદ્યાર્થી બધા જ પેટા એકમથી પરિચિત થાય તે માટે તેમને આખો એકમ મનમાં શાંતિથી,એકાગ્ર બની વાચી જવા માટે કહેવામાં આવ્યું હતું.વાચન માટેની વ્યવસ્થા પણ વિચારવામાં આવી હતી.આ કાર્ય માટે વિદ્યાર્થીઓને ૨૦ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો.

આ સમય દરમ્યાન શિક્ષક વિદ્યાર્થીઓના જૂથ પાસે મેળવેલ પેટા એકમના પ્રશ્નોની યાદીને પ્રશ્નના સ્વરૂપ પ્રમાણે અને વાક્ય રચનાની દૃષ્ટિએ યોગ્ય છે કે કેમ તેની ચકાસણી કરવાની રહે છે.સાથે જ વિદ્યાર્થીઓ એકાગ્ર બની વાંચે તેનું પણ નિરીક્ષણકાર્ય કરવાનું રહે છે.

**ત્રીજો વિભાગ–**

વાંચનનું કાર્ય પૂર્ણ થયા બાદ દરેક વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક બંધ કરી દેવાની સૂચના શિક્ષક તરફથી આપવામાં આવી હતી.હવે જૂથ–૧ના નેતાને શિક્ષક ટેબલ પાસે ઊભા રાખી તેમના પેટા એકમના પ્રશ્નો વર્ગમાં બેસેલા અન્ય વિદ્યાર્થીઓ સામે રજૂઆત કરવાની સૂચના શિક્ષક તરફથી આપવામાં આવી.જે વિદ્યાર્થીને પ્રશ્નનો જવાબ આવડે તેમણે પોતાના હાથની આગળી ઊંચી કરવાનું કહેવામાં આવ્યુ હતું.જૂથ નેતાને યોગ્ય લાગે તેને ઊભા કરી પ્રશ્નનો જવાબ મેળવવાની જવાબદારી આપવામાં આવી.

આ પ્રમાણે બાકીના જૂથ નેતાઓએ પણ પોતાના જૂથે કાઢેલા પ્રશ્નો અન્ય વિદ્યાર્થીઓને પૂછ્યા હતા. આ માટે ૬૦ મિનિટનો સમય ફાળવવામાં આવ્યો હતો.

**સંશોધનનું મૂલ્યાંકન**

સંશોધનનું અમલવારી કર્યા બાદ જૂથ–૧ થી જૂથ–૬ના નેતાઓ દ્વારા પેટા એકમો માટે ક્રમશઃ પ્રશ્નોની સંખ્યા યાદી ૭,૧૩,૮,૭,૯,૧૬. જોવા મળ્યા હતા.ત્યાર બાદ દરેક જૂથ નેતાઓએ વારાફરતી શિક્ષક ટેબલ પાસે આવી પોતાના જૂથના સભ્યો દ્વારા કાઢવામાં આવેલ પ્રશ્નોને વર્ગખંડના અન્ય વિદ્યાર્થીઓને પૂછવામાં આવ્યા હતા.

સંશોધક દ્વારા નિરીક્ષણકાર્ય કરતાં જોવા મળ્યું કે વિદ્યાર્થીઓ પોતાના સાથીમિત્ર દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબો ઉત્સાહપૂર્વક આપતા જણાયા.જે વિદ્યાર્થીઓ વર્ગખંડમાં શરમાળવૃત્તિ ધરાવતા હતા તેવો પણ જવાબો આપતા જણાયા હતા. ઉપરાંત તેઓના આત્મવિશ્વાસમાં પણ સુધારો થયો હોય એમ લાગતું હતું.

જૂથ નેતાઓનો પ્રશ્ન પૂછવાનો ઉત્સાહ પણ અનેરો જોવા મળ્યો હતો.પોતાના પેટા એક્મના પ્રશ્નોના સાચાં–ખોટાં જવાબોની પરખ પણ નક્કી કરી શકતાં હતા.વર્ગખંડનું વાતાવરણ જીવંત અને સ્પર્ધાત્મક જોવા મળ્યું હતું.

**સંશોધનનું પરિણામ**

પ્રશ્ન રજૂઆત પ્રયુક્તિનું મૂલ્યાંકન બે પ્રકારે કરવામાં આવ્યું હતું.(૧)શિક્ષક નિરીક્ષણ કાર્ય દ્વારા (વિદ્યાર્થી પ્રશ્ન રજૂઆત–ઉત્તર ) અને (૨) લેખિત સ્વરૂપમાં.

સંશોધક દ્વારા પેટા એકમ આધારિત  એક–બે વાકયમાં જવાબ મળે એવાં ૨૦ પ્રશ્નોવાળી લેખિત કસોટી ૨૦ ગુણની તૈયાર કરવામાં આવી હતી.જેના ઉત્તરો વિદ્યાર્થીઓએ પ્રશ્નપત્રમાં જ લખવાના હતા.ઉત્તર લખવા માટે ૨૦ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો.

પરિણામ સ્વરૂપ વિદ્યાર્થીઓ દ્વારા હકારાત્મક પરિણામો મળ્યા હતા.જેમાં લઘુત્તમ ગુણ ૧૨ અને મહત્તમ ગુણ ૧૭ સુધી વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કર્યા હતા.

પ્રયુક્તિ સંદર્ભે સંશોધક દ્વારા પ્રશ્ન પૂછવામાં આવ્યા તો વિદ્યાર્થીઓને આ રીતે ભણવાની ખૂબ જ મજા આવી એવા મૌખિક અભિપ્રાયો મળ્યા હતા.

**સંદર્ભસૂચિ**

આફ્રૂવાલા સી.કે.(૧૯૬૬).**ભારતીય શિક્ષકના આધુનિક પ્રશ્નો અને પ્રવાહો,** અમદાવાદ :ભારત પ્રકાશન.

શાહ,ડી.બી.(૨૦૦૯).**શૈક્ષણિક સંશોધન,**અમદાવાદ : પ્રમુખ પ્રકાશન.

## ઓનલાઈન લવાજમ ભરવા માટે URL& QR Code

http://ctegujarat.org/shikshan/index.htmlની મુલાકાત લઈ અથવા નીચે આપેલ QR Codeદ્વારા આપ લવાજમ ભરી શકો છો. લવાજમ ભર્યા બાદ આપ જે સરનામા પર **શિક્ષણ દર્શન** મંગાવવા માંગતા હોઇ તે સરનામું નામ સાથે શ્રી અરવિંદભાઈ મહેતાના મો. નં:– 99980 08518 પર મોકલવાનું રહેશે.

BHIM UPI — પાચ વર્ષનું લવાજમ ₹ ૫૫૦/–

BHIM UPI — ત્રણ વર્ષનું લવાજમ ₹ ૩૩૦/–

BHIM UPI — એક વર્ષનું લવાજમ ₹ ૧૨૦/–